# પેથાપુર ગામે જુગાર ટીચતા ૮ જુગારીયાઓ ઝડપાયા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર નજીક પેથાપુર ગામે પોલીસ સ્ટેશનની પાછળના ભાગે એક મકાનના ઉપરના માળે આઠમનો જુગાર રમતા એક જ પરિવારના આઠ સભ્યોને પેથાપુર પોલીસે ઝડપી પાડ્યા હતા અને તેમની પાસેથી જુગાર સાહિત્ય સહિત રૂ. ૧૦,૭૪૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ જન્માષ્ટમી પર્વના દિવસે ગાંધીનગર નજીક પેથાપુર ગામે પોલીસમથકની પાછળના એક મકાનની લાઈટો મોડી રાત સુધી ચાલુ હતી. આથી પેથાપુર પોલીસની પેટ્રોલીંગ ટીમે મકાનના બીજા માળે જઈ તપાસ કરતા પોલીસને જુગાર રમતા એક પરિવારના ૮ સભ્યો નજરે પડ્યા હતા. પોલીસે જુગાર સ્થળેથી વિનોદ ઉમિયાશંકર જોષી, વિશાલ નવનીતભાઈ જોષી, હર્ષદ ઉમિયાશંકર જોષી, મિહિર હર્ષદભાઈ જોષી, ભાવેશ શશીકાન્ત જોષી, નવનીતભાઈ ઉમિયાશંકર જોષી, રૂપેશ શશીકાન્ત જોષી (તમામ રહે. પેથાપુર) અને હસમુખભાઈ મગનભાઈ પાઠક (રહે. અમદાવાદ)ને તીન પત્તીનો જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા અને તેમની પાસેથી કુલ રૂ. ૧૦,૭૪૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે તમામ વિરૂદ્ધ જુગાર ધારાની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.







બ્રહ્મસમાજ, સેક્ટર-૨૩ શાખા દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સેક્ટર-૨૩માં રહેતા બ્રાહ્મણ પરિવારના બાળકોને પ્રોત્સાહન આપવા માટે વિવિધ સેક્ટરોની બ્રહ્મસમાજની શાખાઓ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે સેક્ટર-૨૩ બ્રહ્મસમાજ શાખા દ્વારા વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થી- વિદ્યાર્થીનીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગરના આગેવાનો અને હોદેદારો સહિત બ્રહ્મબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ચિલોડામાં બે મોબાઈલની દુકાન પર એસ.ઓ.જી.નો દરોડો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર નજીક ચિલોડા સર્કલ પાસે આવેલ બે મોબાઈલની દુકાનના સંચાલક કોઈપણ જાતના પુરાવા લીધા વગર મોબાઈલ વેચી ખુલ્લેઆમ કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરે છે જે બાતમીના આધારે ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે બન્ને દુકાન પર દરોડો પાડી તેમના વિરૂદ્ધ ચિલોડા પોલીસમથકે ફરિયાદ આપતા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ગાંધીનગર જિલ્લાના ચિલોડા સર્કલ પાસે પેટ્રોલ પંપ નજીક આવેલ પટેલ મોબાઈલ નામની દુકાનના સંચાલક મિનેશ અશ્વિનભાઈ પટેલ (રહે. શિહોલી મોટી) તથા અન્ય એક સમીર મોબાઈલ નામની દુકાનના સંચાલક મહેમુદભાઈ અબ્દુલભાઈ મનસુરી (રહે. ગાંધીનગર) પોતાની દુકાનમાં મોબાઈલ ખરીદી અર્થે આવતા ગ્રાહકો પાસેથી કોઈપણ જાતના જરૂરી પુરાવા લીધા વગર દુકાનમાંથી મોબાઈલ ફોન વેચી જિલ્લા કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરી રહ્યા છે. જે ખાનગી બાતમીના આધારે ગાંધીનગર એસ.ઓ.જી. ના પી.આઈ. એમ. જી. સોલંકીની સૂચનાથી એસ.ઓ.જી. ટીમના અંકુશભાઈ, દિલીપસિંહ, હિંમતસિંહ વગેરેએ બાતમી સ્થળે દરોડો પાડી જરૂરી તપાસ હાથ ધરી હતી પરંતુ તપાસ દરમિયાન દુકાનમાલિકો કલેક્ટરના જાહેર નામાનો ભંગ કરે છે તેવુ માલુમ પડતા તેમના વિરૂદ્ધ ચિલોડા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી જે અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સે.૭ પટેલવાડીમાં ૧૪મીએ અશ્વિન પાઠકના સુંદરકાંડના પાઠ

ગાંધીનગર તા.૧૨

સ્વ.પૂજય રામનાથજી દવે તથા પૂ. શશીકલાબેન દવેજીના સ્મણાર્થે તા. ૧૪મી ઓગસ્ટના રાત્રે ૮.૩૦ કલાકે સૌરાષ્ટ્ર પટેલ, સમાજ વાડી, સેકટર-૭માં અશ્વિનભાઈ પાઠક દ્વારા સુંદરકાંડનું આયોજન કરવામાં આવેલ છે. તેમ વિરેન્દ્રભાઈ દવેએ જણાવેલ છે.

# મિલકત વેરાના પ્રશ્નો આજે મહાનગરપાલિકામાં રજૂઆત

ગાંધીનગર તા.૧૨

ગાંધીનગર મહાનગર પાલિકાના મિલકત વેરાના પ્રશ્ને તમામ સેકટરોના પ્રતિનિધિઓની બેઠક તાજેતરમાં મળેલ હતી. જેમાં મિલકતવેરાની વસુલાત આકારણી અંગે આક્રોશ પૂર્ણ રીતે ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચાના અંતે નક્કી કરવામાં આવ્યું હતું કે, તા. ૧૩મી ઓગસ્ટના રોજ મેયર તથા કમિશ્નરને આવેદનપત્ર રૂબરૂમાં આપીને રજૂઆત કરવામાં આવશે. રૂબરૂ મુલાકાત બાદ પ્રતિભાવ જે મળશે. ત્યારબાદ આગામી કાર્યક્રમોનું આયોજન નક્કી કરવામાં આવ્યું. હાલમાં વેરાની વસુલાત સ્થગિત કરવા માટે પણ રજૂઆત કરવામાં આવશે. સેકટર-૨ વસાહત મંડળના પ્રમુખ રાજેન્દ્રભાઈ પારેખે જણાવેલ છે.

# ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા મિલકત વેરાની ચર્ચા

ગાંધીનગર તા.૧૨

તા. ૬ ઓગસ્ટના રોજ ગાંધીનગર જાહેર જાગૃત નાગરિક પરિષદની કારોબારી મળેલ હતી. જેમાં આર.ટી.આઈ. પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવી. જેની કામગીરી મંત્રી સોમાભાઈ પરમાર દ્વારા ઝડપથી કરવામાં આવશે. વનખાતા તરફથી ગાંધીનગરમાં ભાવિનભાઈ વ્યાસ દ્વારા સુંદર કામગીરી અને સહકાર આપવામાં આવ્યો તેમનો આભાર માનવામાં આવ્યો. રોપાઓના ઉછેર માટે ટ્રી ગાર્ડની વ્યવસ્થા થાય તેમ વ્યવસ્થા કરવાનું ઠરાવેલ છે. શહેરમાં પાર્કીંગની સમસ્યા હલ કરવા માટે પોલીસ ખાતામાં રૂબરૂ મળવાનું નક્કી કરાયું હતું. દુધ વાપરનારાઓની સહકારી મંડળીના નવા સભ્યોનો નોંધાતા નથી. તે અંગે રજીસ્ટ્રારને મળીને રજૂઆત કરવામાં આવશે.

ઉપપ્રમુખ જ્યોતિન્દ્રભાઈ દવે, જયંતિભાઈ ભટ્ટ દ્વારા તમાકુ, ગુટખા ઉપર પ્રતિબંધ લાદવો, પ્રોપર્ટી ટેક્ષ સંબંધમાં રજૂઆતો કરવામાં આવી હતી. સભામાં લવજીભાઈ વાડીઆ, રવિન્દ્રભાઈ દવે, જ્યોતિન્દ્રભાઈ દવે, જયંતભાઈ ભટ્ટ, મુળજીભાઈ પરમાર, રાજેન્દ્રભાઈ પારેખ, સોમાભાઈ પરમાર, રમણલાલ શ્રીમાળઈ, ભાનુભાઈ પુરાણી, અંબાલાલ રાવલ વગેરેએ ચર્ચા-વિચારણા કરી હતી.

સંગઠનમંત્રી રાજન્દ્ર પારેખની એક યાદીમાં જણાવેલ છે.

## ધોળેશ્વર મહાદેવમાં કૈલાસમાન સરોવર યાત્રિકોનો કાર્યક્રમ ૧૪મી ઓગસ્ટે યોજાશે

ગાંધીનગર તા.૧૨

ધોળેશ્વર મહાદેવના પ.પૂ. મહંતશ્રી રામ સ્વરૂપ પુરીજી મહારાજના આર્શિવાદથી કૈલાસમાન સરોવર યાત્રા તથા શ્રાવણ માસ શિવ પૂજન નિમિતે તા. ૧૪મી ઓગસ્ટના બપોરે કાર્યક્રમ ધોળેશ્વર મહાદેવમાં યોજેલ છએ. પી.પી. બિહોલા તથા જયદેવસિંહ બિહોલાએ જણાવેલ છે.





સેક્ટર-૭ નિવૃત્ત અધિકારી મંડળ દ્વારા વડીલોના સન્માનનો એક વિશિષ્ટ કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં વિશિષ્ટ રીતે વડીલોનું સન્માન કરી વડીલ વંદના કરી હતી.

# શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં જન્માષ્ટમી મહોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૨

શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં જન્માષ્ટમી પર્વ નિમિતે વિવિધ આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકોએ અવનવી કૃતિઓ કૃષ્ણ-રાધા વેશભૂષા, ભજન, ગરબા, સમુહગાન, એક પાત્રિય અભિનય, બાલ ચેષ્ટાઓની અભિવ્યક્તિ કરી હતી.

પટેલ હાર્દિ, નાથી શન્નિ, શર્મા જુગલ, રાવલ હર્ષિલ, ચૌધરી નિર્મલ, પટેલ સ્મિત, શેઝાસરા જય, કલવાણી રાજે, શુકલા હેત, પટેલ દિશા, પટેલ સૃષ્ટિ, પટેલ માધવી, પટેલ કેવલ, પટેલ દષ્ટિ, ધુવિલા, જાડેજા વિધિબા, શિક્ષક કેતનભાઈ દ્વારા સંચાલન કરેલ હતું. અનિલાબેન માંકડ, નીતાબેન પટેલ, મનીષાબેન પટેલ દ્વારા કૃતિઓ રજૂ થયેલ હતી.

## ડાયાબીટીસ અવેરનેશ કેમ્પ સફળતાપૂર્વક સમાપન

ગાંધીનગર, તા. ૧૨

બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત યોગ થેરાપી દ્વારા ડાયાબીટીશ કંટ્રોલ માટે ખાસ કેરાલાથી આવેલા સંત યોગ મણીજીએ વિશેષ ગાઈડ લાઈન આપી શારીરિક ખૂજ સરળ હળવી કસરતોથી પ્રાણાયામ, ભોજનની પરહેજ સહજ કેવી રીતે કરવી તેની પ્રક્રિયા બતાવી હતી. અનેક લાભાર્થીઓએ લાભ મેળવેલ હતો.

# મિલકતવેરાની વસુલાત સ્થગિત રાખો : વિકાસ પરિષદ

ગાંધીનગર તા.૧૨

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા જે મકાન માલિકોએ તેમના પર લાદવામાં આવેલ મિલકત વેરા વિરૂધ્ધ વાંધા અરજીઓ કરેલ હતી. તેઓને વ્યક્તિગત રજૂઆત સાંભળીને ફરીથી મોજણી કરવાની સૂચના આપવામાંઆવશે તેમ જણાવેલ છે. પરંતુ લોકોએ રજૂઆત કરી નથી, જાણકારી નથી તેમ છતાં તેમની આકારણી ખોટી થઈ હોય તો તે અંગે નગરપાલિકા પાસે કોઈ નક્કી આયોજન નથી. મિલકત વોની આકારણી આડેધડ, બિનઅનુભવી, કોઈપણ નિયમ નહીં જાણનાર માણસો દ્વારા બિનવૈજ્ઞાનિક ઢબે થયેલી છે. તેઓ આક્રોશ ગાંધીનગર વિકાસ પરિષદના પ્રમુખ લવજીભાઈ વાડીઆ, કાર્યકારી પ્રમુખ જયંત જી. ભટ્ટ, મહામંત્રી રાજેન્દ્ર પારેથ એક સંયુકત યાદીમાં જણાવેલ છે.

ઘણા મકાનોમાં ક્ષેત્રફળ ખૂબ જ ઓછું બતાવેલ છે. ત્રણમાળનું બાંધકામ હોવાં છતાં, બે વર્ષ અગાઉ મોજણી થયેલ છે. બે વર્ષમાં ઘણા ફેરફારો થયેલ છે. જેથી મિલકતવેરો ઓછો આકારેલ છે. વાણિજય હેતુથી ઉપયોગ થાય છે. તો તે વિશે કયા પ્રકારનો વેરો લાગુ થાય. કેટલાક વિસ્તાકોના મકાનોની આકારણી રહી ગયેલ છે. બંધ મકાનની અંદાજિત આકારણી કરેલ છે. ભાડે આપેલ મકાનની આકારણી ઓછી થયેલ છે. ગ્રામવિસ્તારોમાં સમાવેશની આકારણી ખૂબ જ ઓછી છે. તો મુદ્દાની યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેમ જ હાલમાં મિલકતવેરાની વસુલાત સ્થગિત કરવામાં આવે તેમ રજૂઆત કરેલ છે.

# પાલક પિતા-પુત્રીના લાગણી ભીના સંબંધોની સ્નેહ ભીની દાસ્તાન

સંબંધ સજાવે જિંદગી

**થેન્ક્યુ મમ્મી-પપ્પા**

- પોપટલાલ પ્રજાપતિ

gsrelation@yahoo.com

દયા, પ્રેમ, અને કરૂણામાં સ્ત્રીઓનો ઈજારો છે એવું કોણે કહ્યું? દીકરી અને પિતાના સંબંધોમાં કયારેક પિતાની મમતા મેદાન મારી જાય છે. પછી તે પાલક પિતા અને પુત્રીના સંબંધોની જ વાત કેમ ન હોય?

આજે એક એવા નિવૃત્ત અધિકારીના પુત્રી પ્રેમની વાત કરવી છે. જેઓ મમતા અને કરૂણાનો પર્યાય છે. જેમના પ્રત્યેક વ્યવહારમાં ફક્ત માનવતા જ પ્રગટે છે. જેમની વાણીમાં કરૂણાનો સ્ત્રોત વહ્યા જ કરતો હોય છે. આ એમની સ્વભાવગત પ્રવૃત્તિ છે. તેમને દયાનો દંભ નથી કરવો પડતો તે સ્વાભાવિક પ્રગટે છે. આ વિશિષ્ટ માનવનું નામ છે કે.પી. ગુર્જર - નિવૃત્ત એડિશનલ કલેકટર વડોદરા, નિવાસસ્થાન સેકટર-૪ડી, પ્લોટ નં. ૯૬૪/૧ ગાંધીનગર, તેમના ધર્મપત્ની ઉષાબેન પણ ધર્મપરાયણ અને પરગજુ ગૃહિણી. બંને પતિ-પત્નીને શરૂઆતથી જ દીકરીઓ પ્રત્યે વિશેષ લગાવ. પણ કુદરતે આ ઈચ્છા અધુરી રાખી. પરિણામે ઉષાબેને પોતાના ભાઈની દીકરી નૃપાને દત્તક લીધઈ. ત્યારે નૃપા બીજા ધોરણમાં ભણે. સ્વાભાવિક રીતે આ નાનકડી બાળા માતા-પિતાવ વગર રહી ન શકે. પણ કે.પી. ગુર્જર સાહેબ અને ઉષાબેને આ દીકરીને એવા લાડ લડાવ્યા કે તે થોડા સમયમાં પોતાના માતા-પિતાને ભુલી ગઈ. ગુર્જર સાહેબને જાણે જિંદગીનો આધાર મળી ગોય. નોકરી સિવાયનો ટાઈમ તેઓ નૃપા સાથે રમવામાં, તેને બગીચામાં લઈ જવા કે તેની સાથે ધિંગામસ્તી કરવામાં પસાર કરવા લાગ્યા, તેની પાસે બેસી હૉમવર્ક કરાવવું, તેની માગણી મુજબની પ્રત્યેક વસ્તુ હાજર કરી દેવી... જાણે દીકરી જ તેમના માટે સર્વસ્વ. દીકરી કોઈ એક વસ્તુ મગાવે તો સામટી ચાર-પાંચ લાવી દે, અને કહે બીજી તારી બહેનપણીઓ માટે... શૉપિંગે દીકરી સાથે ગયા હોય તો તેના માટે બિસ્કીટ લે સાથે વધારાના પૅકેટ પણ લે અને રસ્તામાં કોઈ ઝૂંપડપટ્ટી આવે તો તેના બાળકને આપી દે. એક વખત નૃપાને રાત્રે ૧૧ વાગે સખત તાવ ચઢ્યો રાત્રીના સમયે સેકટર-૪માંથી તરત કોઈ સાધન ન મળતાં દીકરીને તેડી ચાલતા દવાખાને લઈ ગયા અને તેને દવાખાને દાખલ કરી આખી રાત દિકરીને માથે હાથ ફેરવતા રહ્યા. આ પ્રસંગને યાદ કરતાં નૃપાની આંખના ખૂણા ભીના થઈ જાય છે. પિતાની મમતાને યાદ કરતાં નૃપા કહે છે શરૂઆતમાં મારૂ ગણિત ખૂબ કાચું હતું. એકવાર મારો દાખલો ખોટો પડતાં તેમણે મને ધબ્બો માર્યો પણ પછી એટલા દુ:ખી થયા કે તે દિવસે જમ્યા પણ નહિ. પણ ત્યાર પછી હું ગણિતમાં અવ્વલ થઈ ગઈ. કયારેક હોમવર્ક કરતાં થાકી જાઉં તો ટીચર ઉપર ગુસ્સે થાય. આવડા નાના બાળકો ઉપર આટલો બધો બોજ? દિકરીની લાગણી વિશે વાત કરતાં કે. પી. ગુર્જર સાહેબ કહે છે તાજેતરમાં છ મહિના પહેલાં મને ભયંકર એકસીડન્ટ થયો હતો. ચાર મહિના પથારીવશ રહેવું પડ્યું. ત્યારે દિકરી પ્રેગનન્ટ હોવા છતાં દોડતી આવી અને સતત મારી સેવા ચાકરીમાં લાગી ગઈ. મારી દવા, મારો ખોરાક વિગેરેની સતત કાળજીને કારણે જ હું સાજો થયો છું. દવા કરતાં મારી દિકરીની દુઆ રંગ લાવી છે. કે.પી. સાહેબે નૃપાને ઉચ્ચ શિક્ષણ પણ અપાવ્યું હતું. એમ.એ. વિથ ઈગ્લિશ થયા બાગ તેના ધામધુમથી લગ્ન કરાવ્યા. દિકરીના લગ્નબાદ રીસેપ્શન પણ રાખ્યું હતું.





સમગ્ર સમાજમાં આ પ્રકારનો પ્રથમ પ્રસંગ હતો.. અને સમાજના રીવાજ મુજબ દિકરી સાસરે વિદાય થઈ. કે.પી. સાહેબ અને ઉષાબેનના જીવનમાં જાણે શૂન્યાવકાશ સર્જાયો. તેમને ઘર ખાલી ખાલી લાગવા માંડ્યું. દિકરીને પણ સાસરે ગયા પછી સતત મમ્મી-પપ્પાની ચિંતા થવા લાગી... પપ્પાના દિવસો મારા વગર કેમ પસાર થશે? નૃપાએ પતિ આગળ પ્રસ્તાવ મુક્યો તમારી બદલી ગાંધીનગર કરાવો જેથી પપ્પા-મમ્મીની સંભાળ રાખી શકાય. અને તેના પતિ પણ ખાનદાન પરિવારના હતા. તે પત્નિની લાગણી સમજ્યા અને ગાંધીનગર ખાતે સાઈબેગ કંપનીમાં સોફટવેર એન્જિનિયર તરીકે બદલી કરાવી. હાલ નૃપા તેના પતિ તથા સાસુ-સસરા સાથે ગાંધીનગર રહે છે. તેના સસરા પણ નિવૃત્ત સમાજ કલ્યાણ અધિકારી છે. પપ્પાની ઉદારતા વર્ણવતાં નૃપા કહે છે પપ્પા એટલા દયાળુ છે કે અમે ક્યાંક રીક્ષામાં જઈએ ને ભાડું ચુકવ્યા બાદ વધેલા પૈસા પણ પરત લેવા ન ઉભા રહે. બિચારો આખો દિવસ મજૂરી કરીને શું કમાતો હશે ? બસમાં મુસાફરી કરતાં હોઈએ અને ખૂમચાવાળો ફેરીયો આવે તો જરૂર ન હોય તોય નાસ્તાના પડીકા લે. આ બિચારો કેવી રીતે ગુજરાન ચલાવતો હશે ? નથી લાગતું કે દયા, પ્રેમ અને કરૂણા જો કોઈ એક જગ્યાએ કેન્દ્રીત થઈ હોય તો તે નામ છે. કે.પી. ગુર્જર... એડી. કલેકટર તરીકે ડી.ડી.ઓ. તરીકે તેમણે સ્ટાફ સાથે કદી અધિકારીનો રૂઆબ છાંટ્યો નથી.. પણ આનો આખો અલગ ઈતિહાસ થયા આપણે અત્યારે બાપ અને દિકરીના સ્નેહભીના સંબંધોની જ વાત કરવી છે. એક પાલક પિતાની લાગણીની ભિનાશ અને તેમાં ભીંજાયેલી નસીબદાર પુત્રી નૃપાને સલામ...

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૪

સૂર્યાસ્ત : ૭.૧૮

## તાપમાન

મહત્તમ : ૨૯.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૬ ટકા ● સાંજે ૯૨ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
જીસ્મ-૨ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
જીસ્મ-૨ : ૧૦.૦૦
ગેંગ ઓફ વાસેપુર -૨ : ૧.૦૦, ૪.૦૦, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
કોકટેલ : ૧૨.૦૦
બોલ બચ્ચન : ૨.૪૫
ટોટલ રીકલ (હિન્દી) : ૫.૩૦
કયા સુપર કુલ હે હમ : ૭.૪૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ : ગેંગ ઓફ વાસેપુર- ૨ : ૧૧.૦૦
કયા સુપર કુલ હે હમ : ૨.૦૦, ૪.૩૦
કૉકટેલ : ૭.૧૫
બોલ બચ્ચન : ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
કયા સુપર કુલ હે હમ : ૧૦.૪૫, ૧૦.૧૫
કેવી રીતે જઈશ (ગુજરાતી): ૧.૪૫, ૭.૩૦
ગેંગ ઓફ વાસેપુર -૨ : ૪.૩૦

: સ્ક્રીન-૨ : જીસ્મ-૨ : ૧૦.૦૦, ૪.૦૦, ૯.૪૫
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧.૦૦
કયા સુપર કુલ હે હમ : ૭.૦૦

: સ્ક્રીન-૩ :
ગેંગ ઓફ વાસેપુર -૨ : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
ગેંગ ઓફ વાસેપુર -૨ : ૧૦.૪૫, ૨.૦૦, ૫.૧૫, ૮.૩૦

### સૂર્યા, વાવોલ

દેવા એક રક્ષક : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
કુળદેવી મારી ચામુંડા : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે, નાટક ‘ ડીયર ફાધર’

### ધાર્મિક

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ,ગાંધીનગર દ્વારા રમેશભાઈ દવે, ૫૨/૧, સેકટર-૩/એ,ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા મેહુલભાઈ દવે, બ્લોક નં. ૧૦૦/૫, ‘છ’ ટાઈપ,ખાતે શિવ મહિમ્ન સ્તોત્રમ્ પાઠ અને સ્તૃતિ વંદના રાત્રે ૯.૦૦ કલાકે યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ, ગાંધીનગર દ્વારા ભારતીબેન કલોલ,ના નિવાસ સ્થાને સ્તૃતિ વંદના.
- શ્રી રામજી, મંદિર શ્રીરામ ધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિતે હનુમાન પ્રાગટ્ય કથા.
- વિસનગર નાગર પરિવાર ગાંધીનગર દ્વારા શ્રાવણ માસ નિમિત્તે સુરેશભાઈ નટવરલાલ મહેતા ૧૮૨, સહકાર કોલોની, સેકટર-૨૫,ના નિવાસ સ્થાને રાત્રે ૮.૩૦ કલાકે, શિવ મહિમ્ન સ્તોત્ર તથા સ્તુતિ વંદના.

## આપની આજ

**મેષ** : સંગીતનાં ક્ષેત્રમાં રુચિ વધારઓ થશે. વેપાર - ધંધોમાં વધારો થઈ શકશે. વિશેષ કાર્યો માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે.

**વૃષભ** : સંતાનપક્ષ તરફથી સુખદ સમાચાર મળશે. ગ્રાહકોથી મધુર સંબંધ બંધાશે. સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની અનેક અટવાયેલા કાર્ય પણ સમય પર પૂર્ણ થઈ શકશે.

**મિથુન** : નવા સંબંધો રચાશે. સત્સંગમાં ભાગ લેવાનું થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની શકયતાઓ છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

**કર્ક** : વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થશે. દામ્પત્યજીવનમાં સુખમાં કમી ન થાય તેની કાળજી રાખવી. ખર્ચમાં વધારો થવાની સંભાવના છે.

**સિંહ** : મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**મકર** : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**કુંભ** : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

**મીન** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

## ચિરવિદાય

- ભગાભાઈ ડાહ્યાભાઈ દંતાણી (ઉ.વ. ૩૫) મુ.પો. ડભોડા, તા., જિ. ગાંધીનગર.